R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં. (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 22•ISSUE: 28 DATE: 14-07-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦(૩૦૮) સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનન્ત
પાલડી,અમદાવાદ-૭

## સમાજમાં દહેજનું દુષણ ડામવા માટે બંને પક્ષના પરિવાર માટે લગ્નના ખર્ચનો હિસાબ ફરજીયાત રાખવાનો સુપ્રીમ કોર્ટનો નિર્દેશ

સમાજમાં પ્રવર્તતા દેહજના દુષણનાં દુષણ પર લગામ કરવા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પરિવારો માટે લગ્નનો ખર્ચ જાહેર કરવાનું ફરજીયાત કરવા પર વિચારણા કરવા જણાવ્યુ છે.સુપ્રીમ કોર્ટના અનુસાર બંને પક્ષો દ્વારા લગ્નમાં થતા ખર્ચાઓની વિગતો લગ્ન અધિકારી સમક્ષ રજુ કરાય તે માટે સરકારે કાયદામાં સુધારા કરવા ચકાસણી કરવી જોઈએ.સુપ્રીમ કોર્ટે કેન્દ્રને નોટીસ પાઠવી સરકારના મંતવ્યો જાણવા માટે કાયદા અધિકારીની સહાય માંગી છે.સુપ્રીમે જણાવ્યુ હતું કે અમે સરકારને નોટીસ પાઠવી છે અને વિદ્વાન અધિક સોલીસીટર જનરલ પી.એસ નરસિહાને અદાલતને મદદ કરવા વિનંતી કરી છે.સુપ્રીમ કોર્ટે દહેજની માંગણી અંગેના કેસની સુનાવણી કરતાં ઉપરોક્ત આદેશ જારી કર્યો હતો.કેસમાં પત્નીએ પતિ તથા તેના પરિવારજનો પર દહેજની માંગ સહિતના આરોપો મુક્યા છે. જ્યારે મહિલાના સાસરીયા પક્ષે દહેજની માંગ કરી હોવાના આરોપો નકારી કાઢ્યા છે.સુનાવણી દરમિયાન કોર્ટે અવલોકન કર્યુ હતું કે આ પ્રકારના કેસોમાં એક સમાન દહેજની માંગના આરોપો કરાતા હોય છે.આ પ્રકારના આરોપો અને દલીલો ઘટાડવા માટે કોઈ વ્યવસ્થા સ્થાપિત કરી શકાયસુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે લગ્નમાં થતા ખર્ચનો હિસાબ ફરજીયાત કરવાથી દહેજની માંગ ઘટશે. સાથે સાથે દહેજ પ્રતિબંધક કાયદા અંતગર્ત થતા ખોટા કેસોની સંખ્યામાં પણ ઘટાડો થશે.લગ્નજીવનમાં દહેજની માંગ અંગેના આરોપો અંગેના ભાવી વિવાદો નિવારવા જ્યુરિડીકશનલ મેરેજ ઓફિસરને બંને પરિવારો દ્વારા લગ્નમાં થયેલા ખર્ચનો હિસાબ સંયુક્ત રીતે રજુ કરાવવો જોઈએ કે કેમ તે સવાલ પર આપણે વિચારણા કરી શકીએ છીએ.કોર્ટે તેના અવલોકનમાં જણાવ્યુ હતું કે ભવિષ્યના કેટલાક ચોક્કસ ખર્ચ માટે પત્નીના બેન્કખાતામાં લગ્નના ખર્ચનો કેટલોક હિસ્સો જમા કરવી શકાય

## રિઝર્વ બેન્કે ડિમાન્ડ ડ્રાફ્ટના નિયમોમાં ફેરફાર કરતાં ખરીદનારાના નામનો ફરજીયાત ઉલ્લેખ કરવો પડશે.

આરબીઆઈએ ડિમાન્ડ ડ્રાફ્ટ(ડીડી)ના નિયમોમાં ફેરફાર કર્યો છે.આરબીઆઈએ હવેથી ડિમાન્ડ ડ્રાફ્ટ પર બનાવનારના નામનો ઉલ્લેખ કરવો અનિવાર્ય બનાવી દીધો છે.બેન્ક શાખામાંથી ડિમાન્ડ ડ્રાફ્ટ ખરીદનારનુંનામ ડીડીની આગળ લખવું પડશે.આરબીઆઈ દ્વારા જારી નોટીફીકેશનમાં કહેવામાં આવ્યુ છે કે ડિમાન્ડ ડ્રાફ્ટની ખરીદી કરનારનું નામ જાહેર ન થવાને કારણે અનેક સમસ્યાઓ પેદા થઈ રહી હતી તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ડીડીમાં નામ ન હોવાને કારણે મની લોન્ડરીંગમાં પણ તેનો ઉપયોગ થઈ શકે છે.તેથી આરબીઆઈએ ડીડીના આગળના ભાગે ખરીદનારનું નામ અનિવાર્ય લખવાનો નિયમ બનાવ્યો છે.નવો નિયમ ૧૫ સપ્ટે.૨૦૧૮થી લાગુ થશે. હાલના નિયમાનું સાર અત્યાર સુધી ડીડીમાં ફકત એ સંસ્થા અથવા વ્યક્તિના નામનો ઉલ્લેખ કરવામાં આવતો હતો.જેને ચુકવણી કરવાની હોય છે.અગાઉ રોકડ ચુકવણી દ્વારા ડીડી બનાવવા પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો. આરબીઆઈએ નો યોર કસ્ટમર(કેવાયસી)નિયમમાં પણ સુધારો કર્યો છે.કેવાયસીના માસ્ટર ડાયરેકશનના નિયમ ૬૬માં ફેરફાર કર્યો છે તેમાં ડિમાન્ડ ડ્રાફ્ટ,પે ઓર્ડર,બેન્કર્સ ચેક બનાવનાર અને નાણાં સ્વીકારનાર એમ બંનેનું નામ લખવું પડશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

## રૂપિયાની નબળાઇએ દેશમાં રિટેલ મોઘવારીને વકરાવી : ઔદ્યોગિક ઉત્પાદન નીચલા સ્તરે પહોચ્યું

દેશનું અર્થતંત્ર ઝડપથી વિકસી રહ્યું છે તેવા સરકારી દાવાઓ સામે જુન મહિનાણાં છુટક મોંઘવારીનો દર વધીને છેલ્લા પાંચ મહીનાની ટોચ પર પહોચી ગયો છે. મે મહિનામાં ૪,૮૭ ટકા નોધાયો હતો.રિઝર્વ બેન્ક દ્વારા ફુગાવાના દરને ચાર ટકાની સપાટી પર જાળવી રાખવાનો લક્ષ્યાંક હતો પરંતુ છેલ્લા આઠ મહિનામાં ખાદ્યાન્ન ફુગાવો ૪ ટકાથી ઉંચો રહ્યો છે. જુન મહિનામાં ખાદ્યાન્ન ફુગાવો ૩.૧૮ ટકા રહ્યો હતો.મે મહિનામાં ખાદ્યાન્ન ફુગાવો૩.૩૭ ટકા નોધાયો હતો. ઈંધણ અને વીજળીના સેગ્મેન્ટમાં રિટેલ ફુગાવો જુન મહિનામાં ૭.૧૪ ટકા પર પહોચ્યો છે.આદ્યોગિક મોરચે પણ નિરાશા પ્રાપ્ત થઈ છે. મે મહિનામાં ઔદ્યોગિક વિકાસદર એપ્રિલના ૪.૯ ટકાથી ઘટીને ૩.૨ ટકા પર ગગડી ગયો હતો.મેન્યુફેક્ચરીંગ સેકટરમાં વિકાસદર૨.૮ પર ગગડ્યો હતો.જે એપ્રીલમાં ૪ ટકા નોધાયો હતો.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ઈરાનની ભારતને ધમકી, અમેરિકાને સાથ આપશો તો નુકશાન ભોગવવા તૈયાર રહો

ઈરાને તેના વ્યુહાત્મક ચા બહાર બંદરના વિસ્તરણમાં મુડી રોકાણ કરવા માટે આપેલા વચનનું પાલન નહી કરવા માટે ભારતની આકરી ટીકા કરતાં જણાવ્યુ હતું કે જો નવી દિલ્હી ઈરાનમાંથી ક્રુડ ઓઈલની આયાત ઘટાડશે તો ભારતને અપાયેલા વિશેષાધિકાર ગુમાવી દેશે. ઈરાનના ભારત ખાતેના નાયબ રાજદુત મસીદ રેઝવાનિયન રહાયીએ જણાવ્યુ હતું કે ભારત સાઉદી અરબ,રશિયા,ઈરાક અને અમેરીકા પાસેથી ક્રુડ ઓઈલની ખરીદી કરી ઈરાન પાસેથી ક્રુડની આયાત ઘટાડશે તો ઈરાન ભારતને અપાયેલા વિશેષાધિકારનો અંત લાવી દેશે.તેમણે જણાવ્યુ હતું કે ચાબહાર બંદરના વિસ્તરણ માટે મુડી રોકાણ કરવાના વચનોનું પાલન ભારત સરકારે કર્યુ નથી.અને ભારત સરકાર દ્વારા બંદરની સાથે સંકળાયેલા પ્રોજેક્ટ પણ પુરા કરાયા નથી જે એક દુર્ભાગ્યપુર્ણ બાબત છે.ચાબહાર બંદર વ્યુહાત્મક દષ્ટ્રિએ અત્યંત મહત્વનું છે. અમે આશા રાખીએ છીએ કે આ સંદર્ભમાં ભારત જરુરી પગલાં ભરશે.

ભારત અને ઈરાન વચ્ચેના દ્વિપક્ષીય સબંધો પરના એક સેમીનારમાં બોલતાં રાહધીએ જણાવ્યુ હતું કે અમેરિકાએ ઈરાનમાંથી ક્રુડ આયાત કરવા પર પ્રતિબંધ લાદ્યા છે. ઈરાન હંમેશાથી ભારત માટે વિશ્વાસપાત્ર એનર્જી પાર્ટનર દેશ રહ્યો છે.ઈરાન તેના ગ્રાહકોના હિતોની જાળવણી કરતાં હંમેશા ક્રુડતેલની વાજબી કિંમતો વસુલે છે.

ઈરાન ભારતની ઓઈલ જરુરીયાત પુરી કરવામાં ત્રીજો મહત્વનો દેશ છે.ઈરાક અને સાઉદી પછી ઈરાન ભારતનો ત્રીજો સૌથી મોટો સપ્લાયર દેશ છે.અમેરિકાએ ભારતને ઈરાનમાંથી ક્રુડ ઓઈલની આયાત અટાકાવવા માટે દબાણ કર્યુ છે.

ભારતની વિદેશ નીતિ માટે હવે પરિસ્થિતિ વિકટ બની છે.એક બાજુ અમેરિકા ભારતને ઈરાનમાંથી થતી આયાતો અટકાવવાનું દબાણ કરી રહ્યું છે અને વિશ્વ સ્તરે ચીન અને અમેરિકા વચ્ચે ટ્રેડ વોરને કારણે વૈશ્વિક આર્થિક સમસ્યાનો સામનો ભારતે કરવાનો છે.દેશમાં આર્થિક પરિસ્થિતિ ગંભીર બની રહી છે.ભાજપની સરકારને છેલ્લા ચાર વર્ષમાં કરતાં છેલ્લા એક વર્ષમાં સૌથી વધુ વિકટ સમસ્યાનો સામનો કરવાનો છે.૨૦૧૯ની ચુંટણીમાં ભાજપે જીતવું જરુરી છે પરંતુ વિદેશ નીતિને કારણે સરકારે અનેક સંકટોમાંથી ગુજરવું પડશે.

## તાજમહેલના રખરખાવ બાબતે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની ઉદાસીનતાના મુદ્દે કડક ઝાટકણી કાઢી

કેન્દ્ર સરકારની નીતિઓથી રોષે ભરાયેલી સુપ્રીમ કોર્ટે તાજ મહેલની જાળવણીના મુદ્દે આકરી ઝાટકણી કાઢી હતી.અને કહ્યુ હતું કે મધ્યકાલીન ઐતિહાસીક સ્મારકને જાળવવાનો કેન્દ્રનો હેતુ નિરાશાજનક છે. સુપ્રીમે તાજ મહાલની જાળવણી અને સુરક્ષા અંગે વિઝન ડોક્યુમેન્ટ તૈયાર નહીં કરવા બદલ ઉત્તર પ્રદેશ સરકારની પણ આકરી ટીકા કરી છે.તમે તાજને બંધ કરી શકો છો. જો તમને એ ના ગમતો હોય તો તેને તમે તોડી પાડી શકો છો. તેમ દેખીતી રીતે રોષે ભરાયેલા જસ્ટીસ મદન લોકુર અને જસ્ટીસ દીપક ગુપ્તાએ કેન્દ્ર સરકારને કહ્યુ હતું. ઉત્તર પ્રદેશની સરકારને કાંઈ પડી નથી. હજુ સુધી તેના માટે કોઈ વિઝન દસ્તાવેજ પ્લાન આવ્યો નથી.તેમ ખંડપીઠે કહ્યુ હતું.તાજમહેલના સંરક્ષણ માટે એપેક્ષ કોર્ટે નિગરાની રાખી રહી છે.૧૬૪૩માં મુગલ બાદશાહ શાહજહાંએ બનાવેલા તાજમહેલને યુનેસ્કોએ વર્લ્ડ હેરીટેજ સાઈટ જાહેર કર્યો છે.સુપ્રીમ કોર્ટે આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડીયાની પણ ઝાટકણી કાઢી હતી.નારાજ સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે એક તરફ ફ્રાંસના એફિલ ટાવરને જોવા વર્ષે આઠ કરોડ લોકો આવે છે જ્યારે તાજમહાલને જોવા પાંચ કરોડ આવે છે.તમારા કારણે દેશને નુકશાન થઈ રહ્યું છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

અમેરીકામાં એચવન બી વિઝાધારકો પર દેશનિકાલની પ્રક્રિયાની તલવાર તોળાઇ રહી છે.જો એચવનબી વિઝાધારકની વિઝા લંબાવવા અથવા સ્ટેટસમાં બદલાવ કરવાની અરજી નકારી કાઢવામાં આવી હશે અને અમેરીકી સત્તાવાળા દ્વારા ફોર્મ ૧-૯૪માં દર્શાવ્યા પ્રમાણે અમેરિકામાં વસવાટની મુદતની પરવાનગી પુરી થઇ ગઇ હશે તો તેમની સામે દેશનિકાલની પ્રક્રિયા શરુ કરાશે.બદતર સ્થિતિ તો એ હશે કે તેઓ નોકરી તો ગુમાવશે પરંતુ ઇમીગ્રેશન જજ દ્વારા થનારી સુનાવણી માટે મહિનાઓ સુધી અમેરિકામાં રાહ જોવી પડશે.ગયા સપ્તાહમાં જાહેરમાં આવેલ ૨૮મી જુનના પોલીસી મેમોરેન્ડમ યુએસ સીટીઝન એન્ડ ઇમીગ્રેશન સર્વીસીસને આ પ્રકારના એચવનબી વિઝાધારકોને હાજર થવાની નોટીસ પાઠવવા પરવાનગી આપે છે.આ નોટિસમાં સવાલ કરવામાં આવશે કે તેમની અરજી નકારાઇ હોવા છતાં તેઓ શા માટે અમેરિકામાં વસવાટ કરી રહ્યા છે. આ નોટિસ દેશનિકાલની પ્રક્રિયાનું પહેલું પગથિયું હશે.

એનપીઝેડ લો ગ્રુપના સ્નેહલ બત્રાએ જણાવ્યુ હતું કે નોટીસ પાઠવાયા પછી વ્યક્તિએ મોટી સમસ્યાઓનો સામનો કરવાનો રહેશે.એક વાર નોટિસ પાઠવતાં વ્યક્તિ અમેરિકા છોડી નહીં શકે અને સુનાવણી માટે ઇમીગ્રેશન જજ સામે હાજર થવું પડશે. જો વ્યક્તિ સુનાવણી માટે ઇમીગ્રેશન જજની સામે હાજર નહીં રહે તો તેમની પર અમેરિકામાં પ્રવેશ પર પાંચ વર્ષનો પ્રતિબંધ લાદી દેવામાં આવશે.અગાઉ એચવનબી વિઝા લંબાવવામાં ન આવે તો પ્રોફેશનલ કોઇપણ પ્રકારની એનટીએ કાર્યવાહી વિના તાત્કાલિક ભારત પરત ફરી શકતો હતો. તેના નોકરીદાતા બીજા સેશન માટે નવા એચવનબી વિઝા માટે અરજી કરી શકતા હતા.

આંતરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને પણ દેશનિકાલની પ્રક્રીયામાંથી બાકાત રખાયા નથી. ગેરકાયદેસર નોકરી, કોલેજમાં એડમીશનમાં નિષ્ફળતા, વિદ્યાથીની શિક્ષણસંસ્થા વિદ્યાથીનો રેકોર્ડ અપડેટ કરવામાં નિષ્ફળજાય તો તે વિદ્યાર્થીને અમેરિકામાં ગેરકાયદે ગણાશે અને તેને દેશનિકાલ પ્રક્રિયાનો સામનો કરવો પડશે.આ પ્રકારના વિદ્યાર્થીને પણ એનટીએ પાઠવવામાં આવશે.

ટ્રમ્પની નવી વિઝા નીતિને કારણે લાખો વિઝાધારક અને ભારતીય વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનો વખત આવ્યો છે.ભારતીય વિદ્યાર્થીઓ પર આ કાયદાને કારણે તવાઇ આવશે.એચવનબી વિઝાની મુદત વીતી ગયા બાદ નોકરી તો ગુમાવશે અને ઇમીગ્રેશન કોર્ટમાં કાર્યવાહીનો સામનો કરવો પડશે. મોટા પ્રમાણમાં ભારતીયો આ કાયદો અસર કરશે.

## જાણવા જેવું !

૧૯મી સદીમાં સાઇબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

સોલિડ કાર્બન ડાયોકસાઇડને ડ્રાય આઇસ તરીકે ઓળખવામાં આવે છે.તે જ્યારે વાતાવરણની ગરમીમાં આવે છે ત્યારે તે પીગળતો નથી પરંતુ હવામાં ઉડી જાય છે.

૧૯મી સદીમાં સાઇબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઇંચ પહોળા અને ૮ ઇંચ જાડાઇ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઇ પણ ઠેકાણે પડ્યો નથી.

૧૯મી સદીમાં સાઇબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

મધમાખીની રાણી એક દીવસમાં ૧૫૦૦ ઇંડા મુકે છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


અનુ. પાન નં. ૪ નું ચાલુ

પરંપરા હજુ છોડી નથી.બે પરિવાર વચ્ચેની વ્યક્તિ લાભ લઇ જતી હોય છે.બંન્ને પરિવારને તાણ ઉત્પન કરતી હોય છે. આ બધા અવમુલ્યો ક્યાં સુધી ટકે છે તે સઘળું પાણીના પરપોટા જેવું હોય છે.અંગદનો પગ પુસ્તકમાં શિક્ષકો અને શિક્ષકખંડની વાત રજુ થઇ છે. એક શિક્ષકને બીજા શિક્ષકની પ્રગતિ ગમતી નથી. આપણી આડોશ પાડોશ જીંદગી જોઇ શકીએ છીએ. ઘર ઘરની કહાની મારા અનુભવો પુસ્તકમાં અનાજનો વેપારી લેખક સાથે દગો કરે ચે. તે પ્રસંગ વાંચવા જેવો છે. ચાણક્યને જાહેરમાં બાળી નાંખવામાં આવ્યો તે ષડયંત્ર પણ એક દગો જ કહેવાય.

માનવીની બોલીમાં ખુબ મોટી ચાલાકી હોય છે. બજારમાં મોટે-મોટેથી બુમ સંભળાતી હોય છે કે તદ્દન નવો માલ વહેલા તે પહેલાં. પણ વાસ્તવમાં તદ્દન જુનો માલ હોય છે. જીવનમાં ઘણા એવા વ્યક્તિ હોય છે તેમને પારખતાં સમય વીતી જાય છે.પીઠ પાછળ ઘા કરનાર વ્યક્તિ સ્ટેશને સ્ટેશને બેઠા હોય છે. કોઇના દિલમાં શું રમી રહ્યુ હોય તે કોઇ દિલ ફાડીને જોવાનું નથી. મનમાં દગાનું રમ્યા કરતુ હોય છે.જીંદગીમાં દગા નામનું રમકડું માનવીને ખુબ ઘાયલ કરતું હોય છે. જીંદગીમાં પીઠ પાછળ ઘા થતા હોય છે. તેથી જીંદગી ઘણું શીખવી જાય છે.અનુભવ આપી જાય છે.દગો કે છેતરપીંડી કરનાર વ્યક્તિ જીંદગીમાં પસ્તાવાની જ્વાળાથી ભસ્મ થઇ જતી હોય છે.સાચી જીંદગી જીવનાર વ્યક્તિ ફુલોની ફોરમમાં જીવતો હોય છે.

- મથુર વસાવા સેંટ જોસેફ સ્કુલ ઉના(ગીર-સોમનાથ)

## લગ્ન

ત્યાર પછી મિત્રોએ પુન : વિનંતી કરી પુછ્યુ , અને લગ્ન એટલે શું ,ગુરુજી?

ત્યારે તે બોલ્યા...

તમે બંને સાથે જનમ્યા, અને સદાને માટે સાથ રહેશો. હિંમ-શી મૃત્યુની પાંખો તમારો યોગ તોડી નાંખે

ત્યારેય તમે સાથે રહેવાના છો. સાચે જ, પરમેશ્વરની શાંત સ્મૃતિમાંયે તમે સાથે જ રહેશો.

તોય, તમારા સહ-વાસમાં કાંઇ ગાળા પાડજો ; અને તમારી વચ્ચે આકાશના વાયુઓને વિહરવા દેજો.

તમે પરસ્પર ચાહજો ખરાં, પણ તમારા પ્રેમની બેડી ન બનાવશો ;

પણ તમારા બેઉના આત્મારુપી કાંઠાની વચ્ચે, ઘુઘવતા સાગરના જેવો એને રાખજો.

તમે એકબીજાની પ્યાલીઓ ભરી દેજો, પણ બેય એકજ પ્યાલીમોઢે માંડશો નહિ,

એકબીજાને પોતાના રોટલામાંથી ભાગ આપજો,પણ એકજ રોટલાને બેય કરડશો નહીં.

સાથે ગાજો અને નાચજો તથા હર્ષથી ઊભરાજો, પણ બેય એકાકી રહેજો.

જેમ વીણાના તારો એકજ સંગીતથી કંપતા છતાં પત્યેક છુટો જ રહે છે તેમ

તમારા હ્રદયો એકબીજાને આપજો, પણ એકબીજાને તાબામાં સોપશો નહીં.

કારણ , તમારા હ્રદયોનું આધિપત્ય તો કેવળ જગજીવનનો જ હાથ લઇ શકે

અને સાથે ઊભા રહેજો પણ એકબીજાને અડોઅડ નહીં : જુઓ મંદિરના થાંભલા અલગ અલગ જ ઊભા રહે છે

અને દેવદાર અને સાગ એકબીજાની છાયામાં ઉગતા નથી. (ખલિલ જીબ્રાન)

## લોકશાહીમાં મતનો અધિકાર સૌથી મોટી બાબતઃ સુપ્રીમ કોર્ટ



લોકશાહીમાં મત આપવાનો અધિકાર સૌથી મોટી અને કેન્દ્રવતી બાબત છે તેમ સુપ્રીમ કોર્ટે કહ્યુ છે.મત આપવાનો અધિકાર એટલા માટે લોકશાહીના કેન્દ્રવર્તી વિચાર છે કેમકે લોકશાહી પોતે લોકો દ્વારા સર્જાયેલી છે અને તેના માટે એ અત્યંત મહત્વનું છે કે લોકોની ઇચ્છા પુર્ણ થાય.તેમ સુપ્રીમ કોર્ટે કહ્યુ છે.ચીફ જસ્ટીસ દીપક મિશ્રાના વડપણ હેઠળ બનેલી બંધારણીય બેન્ચે કહ્યુ છે કે જ્યારે કાયદો બનાવવામાં આવે છે ત્યારે તેમાં લોકોની ઇચ્છા અને અપેક્ષાઓને નજરઅંદાઝ ના કરવી જોઇએ. આવું ત્યારે જ શક્ય બને જ્યારે લોકો દ્વારા ચુંટાયેલા પ્રતિનિધિઓ આ કાયદો બનાવવામાં સામેલ હોય.લોકશાહીમાં મતનો અધિકાર મળેલો હોય છે ત્યારે લોકો પોતાના પ્રતિનિધિને ચુંટી શકે છે.એમ બેન્ચે કહ્યુ હતું.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332


## મોદી સરકાર બેન્કોની કટોકટી માટે જવાબદાર : યશવંત સિંહા

ભાજપના નેતા અને ભુતપુર્વ નાણાંમંત્રી યશવંત સિહાએ બેન્કોની આજની સ્થિતિ માટે મોદી સરકારને જવાબદાર ગણાવી છે.તેમણે જણાવ્યુ હતું કે ૨૦૧૭-૧૮ના નાણાંકીય વર્ષમાં સરકારી બેન્કોને ૮,૫૦,૩૭૦કરોડની ખોટ ગઇ છે.જે અગાઉના વર્ષમાં ફક્ત ૪૭૪ કરોડ રુપીયા જ હતી.મોદી સરકારને અગાઉની સરકારને દોષિત ગણાવવાની આદત પડી ગઇ છે.આ દલીલોથી બેન્કોની સ્થિતિ સુધરી જવાની નથી.

જનતાએ આ સરકારને સ્થિતિ સુધારવા માટે ચુંટી હતી.ચાર વર્ષ શાસનમાં રહ્યા પછી પણ મોદી સરકાર અગાઉની સરકારોને જવાબદાર ઠેરવી શકે નહીં. જો યુપીએ સરકારમાં બેન્કીંગ ફ્રોડ શરુ થયા હતાં તો મોદી સરકારે ચાર વર્ષ સુધી તેને ચાલવા કેમ દીધા ?

હવે આજની તારીખે સરકારી બેન્કોની સ્થિતિ નબળી બની ગઇ છે. કેટલીક બેન્કોને સરકારે બચાવવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.સરકારી બેન્કોમાં થયેલા ફ્રોડનું પ્રમાણ ઘણું ઉચું છે જે મોદી સરકારના વખતમાંજ થયું છે જેથી દોષનો ટોપલો યુપીએની સરકાર પર ઢોળવો વ્યાજબી નથી.

# કેન્દ્ર સરકારના કાળા નાંણાના મુદ્દે તમામ દાવા પોકળ : ભારતીયોની દોટ સ્વીસ બેન્કોમાં વધી

સ્વીસ બેન્કોમાં ભારતીયોના જમા નાણાંમાં વધારો થઇ રહ્યો છે.એક નવા અહેવાલ મુજબ ભારતીય નાગરિકો અને કંપનીઓ દ્વારા ૨૦૧૭માં જમા થાપણો રુપીયા ૭૦૦૦ કરોડ પર પહોચી છે. આમ સ્વીસ બેન્કોમાં થાપણોની દષ્ટિએ ભારત ૭૩માં સ્થાને પહોચ્યો છે.સ્વીસ બેન્કોમાં થાપણોની દષ્ટિએ બ્રિટન પહેલા સ્થાને છે. ૨૦૧૬માં ભારતનું સ્થાન ૮૮મું હતું તેથી ભારતીયોએ ૨૦૧૭માં સ્વીસ બેન્કોમાં નાણાં જમા કરાવવાની દષ્ટિએ ૧૫ સ્થાનનો લોંગ જમ્પ લાગવ્યો છે.૨૦૧૬માં સ્વીસ બેન્કોમાં ભારતીયોની જમા રાશિમાં ૪૪ ટકાનો અને ૨૦૧૭માં ૫૦ ટકાનો વધારો નોધાયો છે.૨૦૧૭માં પાકિસ્તાનીઓ દ્વારા સ્વીસ બેન્કોમાં જમા કરાવાયેલી થાપણોમાં ૨૧ ટકાનો ઘટાડો થયો છે.

એસએનબી તરીકે ઓળખાતા ભંડોળ સ્વીસ સત્તાવાળાઓ દ્વારા જાહેર કરાતાં સત્તાવાર આંકડા છે. પરંતુ તેમાં સ્વીસ બેન્કોમાં જમા કરાવાતા કથિત કાળા નાંણા અંગે કોઇ ઉલ્લેખ કરાતો નથી. સ્વીટ્ઝલેન્ડની કેન્દ્રીય બેન્ક દ્વારા દર વર્ષે જારી કરાતા સત્તાવાર આંકડાઓમાં સ્વીસ બેન્કોમાં જમા કરાવાતા નાણાં વિવિધ દેશોમાથી કંપનીઓના નામ, ભારતીયો અથવા તો એનઆરઆઇના નામ જાહેર કરાતાં નથી.વારંવાર એવા આરોપો મુકવામાં આવે છે કે ભારતીયો અને અન્ય દેશોના નાગરિકો તેમનુ કાળુ નાણું વિદેશોમાં જમા કરાવવા માટે ટેક્સ હેવન દેશો અને સ્વીસ બેન્કોનો ઉપયોગ કરવામાં આવે છે.

# લોકસભાની ચુંટણી પહેલાં કલ્યાણ યોજનાઓ માટે સરકાર પાસે નાણાં ખર્ચ કરવા એ મોટો પડકાર છે

સામાન્ય રીતે લોકસભાની ચુંટણી નજીક આવતાંજ સત્તાધારી પક્ષ તરફથી વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં લખલુંટ પૈસા વહાવાનુ શરુ કરે છે. પરંતુ મોદી સરકાર માટે આ વિકલ્પ બંધ થઇ ગયો છે.તેના માટે આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રુડની વધતી કિંમતો અને નબળો રુપે જ જવાબદાર નથી. સરકાર માટે અંદાજપત્રીય ખર્ચાઓ માટે ભંડોળ પુરુ પાડવા માટે સરકારી દેવાઓ પણ મોટો પડકાર છે.એપ્રિલ-જુન ૨૦૧૮માં કેન્દ્ર સરકારે સરકારી સીક્યુરીટીઓની પ્રાથમિક હરાજી દ્વારા રુપીયા ૧,૪૪,૦૦૦કરોડ ઊભા કર્યા હતા.પરંતુ કુલ ૧,૪૪,૦૦૦ કરોડમાંથી ૮૦૧૮.૭૨ કરોડ હરાજીમાં અંડર સબસ્ક્રિપ્શનનું જોખમ ઉઠાવનારા પ્રાઇમરી ડીલર્સ પર ખર્ચવામાં આવ્યા હતા.તેના કારણે સરકારને આ રકમ ઊભી કરવા માટે મોટી કિંમત ચુકવવી પડી છે.૨૯ જુનના રોજ ૧૦ વર્ષના બોન્ડની છેલ્લી હરાજીમાં ૭.૮૯ ટકા વ્યાજની ચુકવણી કરવી પડી હતી.

મહત્વની વાત તો એ છે કે રાજ્યોને લોન આપનારી બેન્કો પાસે જ હવે કેશ નથી.નોટબંધીના પહેલાના સમયમાં બેન્કો પાસે જમા થાપણો લેનાર કોઇ લેવાલ નહોતું. હવે સ્થિતિ બદલાઇ ગઇ છે.બેન્કોની ઊધારી ૧૨.૭ ટકા પર પહોચી છે.જો વ્યાજદરમાં વધારો થાય છે તો બેન્કોને તેમના હાલના બોન્ડ પર ખોટ ખાવાનો વારો આવે છે.આ બધા પરિબળના કારણે કેન્દ્ર સરકાર અને રાજ્યસરકારો માટે લોકસભાની ચુંટણી આડે એક વર્ષ જ બાકી રહ્યું છે. ત્યારે બજારમાંથી નાણાં મેળવવા મુશ્કેલ બની રહ્યા છે.મોદી સરકારે ૨૦૧૮-૧૯માટે સિક્યોરીટી જારી કરીને રુપીયા ૬,૦૫,૫૩૯કરોડ ઊભા કરવાનો અંદાજ રાખ્યો છે.એપ્રીલથી સપ્ટે. દરમિયાન કેન્દ્ર સરકાર બજેટના અંદાજોના ૬૦ ટકા નાંણા ઊભા કરી લેતી હોય છે.જેથી બીજા છ માસિકમાં બજારો પર દબાણ ઓછું રહે. પરંતુ આ વખતે નાણાં મંત્રાલયે પહેલા છ માસિકમાં અંદાજપત્રીય રકમના ફક્ત ૪૭.૫૬ ટકા એટલે કે રુપીયા ૨,૮૮,૦૦૦ કરોડ જ લેણા લેવાનું પસંદ કર્યુ છે.

અંદાજપત્રીય અને ચાલુ ખાતાની ખાધ પણ નવી ચિંતાઓ ઉપજાવી રહી છે.આગામી દિવસોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો માટે બજારમાંથી નાણાં ઊભા કરવા મુશ્કેલ બનશે.નાણાંકીય બજારોની અંધાધુધી સરકારના ચુંટણીલક્ષી લોકપ્રિય પગલાં પર અંકુશ લાવશે.

સરકાર ભલે દર મહિને ૯૭,૫૪૦ કરોડ જીએસટી પેટે મળતા હોવાના દાવા કરી રહી હોય પરંતુ તે વાર્ષિક ૧૦,૦૦,૦૦૦ કરોડના લક્ષ્યાંકને પહોચી વળવા પુરતું નથી.સરકાર તેની અંદાજપત્રીય ખાધનું લક્ષ્યાંક ૩.૩ ટકા અંદાજી ચુકી છે.અંદાજપત્રીય ખાધ ૩.૫ ટકાની ટોચે પહોચી શકે છે.

બેન્કોની વધતી એનપીએના કારણે સરકારી બેન્કોની સ્થિતિ કથળી ગઇ છે.કોઇપણ સરકારી બેન્કને બચાવવાની જવાબદારી કેન્દ્ર સરકાર પર છે.સરકાર બીજી ૧૭ સરકારી બેન્કોને બચાવવા તૈયારી કરી રહી છે. તો સવાલ એ છે કે સરકાર આ નવરત્ન કંપનીઓને દવા પર લગાવી સરકારી બેન્કોને બચાવવા પ્રયાસ કરશે.દેશની આર્થિક સ્થિતિ માટે સરકાર તરફથી કરાતી જાહેરાતો પોકળ સાબિત થાય તો તેમાં નવાઇ નહીં લાગે.દેશનું અર્થતંત્ર દિવસે દિવસે કથળી રહ્યું છે.ભાજપના હમદર્દો આ વાતને સારી પેઠે જાણે છે અને તેમણે આ બાબતે જાહેર નિવદનો કર્યા છે. પરંતુ સરકાર તેમના જુમલાઓમાંથી બહાર આવતી


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


# મુળભુત અધિકારોની જેમ ધાર્મિક સ્વતંત્રતા ય મહત્વની છે : નીક્કી હેલી યુએનના અમેરિકી રાજદુત

ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવેલા યુએનના અમેરિકન રાજદુત નિક્કી હેલીએ દિલ્હીમાં હુમાયું મકબરાની મુલાકાત લીધી હતી. તેમણે એ સમયે કહ્યુ હતું કે 'આપણે એકબીજાના વિશ્વાસ તરફ કદમ ઉઠાવવા જોઇએ કેમકે મારુ માનવું છે કે ધર્મની આઝાદી પણ એટલીજ જરુરી છે જેટલી અધિકારો અને લોકોની આઝાદી જરુરી છે'નિક્કી હેલીએ કહ્યુ હતું કે તેમની આ મુલાકાતનો હેતુ ભારત અને અમેરિકા વચ્ચેના સબંધો મજબુત કરવાનો છે. ભારત અને અમેરિકા બે સૌથી જુના લોકતંત્ર છે.તેમણે કહ્યુ હતું કે બંને દેશોની કામ કરવાની રીત સમાન છે પછી ભલે આતંકવાદ અંગે હોય કે અન્ય કોઇ કામગીરી હોય.

નીક્કી હેલીએ કહ્યુ હતું કે ભારતની મુલાકાતે આવવાનો આનંદ છે.હુમાયુનો મકબરો એટલો જ સુંદર છે. જેટલું મે વિચાર્યુ હતુ. હુમાયુનો મકબરો આપણને એ વાતની યાદ અપાવે છે કે આપણે સંસ્કૃતિને કેટલું મહત્વ આપીએ છીએ.ભારત સંસ્કૃતિના સંરક્ષણને મહત્વ આપે છે.ભારતીય મુળના નિક્કી હેલી ટ્રમ્પ સરકારમાં અમેરિકન રાજદુત છે. અને તેઓ આ પદ સંભાળ્યા પછી પ્રથમવાર ભારતની મુલાકાતે આવ્યા છે. હેલીના પિતા અજિતસિંહ રંધાવા અને માતા રાજકોર રંધાવા અમૃતસરથી અમેરીકા જઇને વસ્યા હતા. હેલીએ છેલ્લે ૨૦૧૧ભારતની મુલાકાત લીધી હતી.ત્યારે તેઓ સાઉથ કેરોલીના ના ગર્વનર હતા.

# દેશ આર્થિક અંધાધુંધીમાં સપડાયો છે : શિવસેના



કેન્દ્ર સરકાર પર નવેસરથી હુમલામાં શિવસેનાએ જણાવ્યુ હતું કે હાલમાં દેશ આર્થિક અંધાધુંધીમાંથી પસાર થઇ રહ્યો છે.નોટબંધીનું નરેન્દ્ર મોદી સરકારનું પગલું સાવ નિષ્ફળ રહ્યુ હતું તેમ કહીને ભાજપના સાથી પ ક્ષે આક્ષેપ કર્યો છે કે વડાપ્રધાન મોદીના ચાર વર્ષમના શાસનકાળમાં બેન્કોમાં અનેક ગોટાળા થયા છે.તેણે સવાલ કર્યો છે કે બન્કોને લુંટનારા સામે સરકારે ક્યાં પગલાં લીધા છે તે જણાવવામાં આવે.પોતાના મુખપત્ર સામનામાં સેનાએ જણાવ્યુ હતું કે દેશનું અર્થતંત્ર મદી સરકાર હેઠળ નાશ પામ્યું છે.મોદી રુપીયાને અમેરીકી ડોલરની સમકક્ષ લાવીને એમ દર્શાવવા માંગતા હતા કે તેમના પુર્વગામી મનમોહનસિંહ નહી પરંતુ તેઓ ખરા અર્થશાસ્ત્રી છે. જો કે ભારતીય ચલણ તેની સૌથી નીચી સપાટીએ ગગડી ચુક્યુ છે.ઉદ્દવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટીએ કહ્યુ હતું કે બેન્કો અને નાણાં સંસ્થાઓ ગેરશિસ્ત વર્તનમાં લાગેલી છે અને બેન્કોને લુંટનારા મોદીના નાક તળેથી દેશ છોડીને ભાગી ગયા છે.

નથી.મોઘવારીનો આંક વધતો જ જાય છે પરંતુ તેની કોઇને પડી નથી.માત્ર સરકારે કરેલી જાહેરાતોને લોકો સમક્ષ સતત ખોટી આંકડાકીય રજુઆતો કરીને તેને સાચી ઠેરવવાની કવાયત તંત્ર કરી રહ્યું છે.ખરેખર સ્થિતિ અંગે કોઇ સત્યને ઉજાગર કરતું નથી.

## જાણવા જેવું !

ફ્રાંસની એક રીફાનરીમાં કામ કરતાં ત્રેપન વર્ષના એલન ગાર્સીયાએ સૌથી વધારે સ્ત્રીઓ પર બળાત્કાર કરેલાના કિસ્સા પોલીસ દફતરે નોધાયેલા છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૬૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# સોશ્યલ મીડીયા પર સરકાર નાગરિકોની માહિતી ટ્રેક કરીને દેશમાં જાસુસી રાજ લાવશે : સુપ્રીમ કોર્ટ

ઓનલાઈન ડેટા પર નજર રાખવા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા સોશ્યલ મીડીયા હબની રચના કરવાના નિર્ણયની ગંભીર નોધ લેતા સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે સરકારનો નિર્ણય દેશને સર્વેલન્સ સ્ટેટ બનાવી દેશે.સરકાર નાગરિકોના વોટ્સએપ મેસેજની જાસુસી કરવા માંગે છે.સુપ્રીમ કોર્ટે સરકારને આ મામલામાં બે સપ્તાહમાં જવાબ આપવા નોટિસ પાઠવી છે.

તુલણુલ કોગ્રેસના ધારાસભ્ય મહુઆ મોઈત્રાની અરજી પર સુનાવણી કરતાં ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ એ.એમ.ખાનવિલકર અને જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડની બેન્ચે સરકારને નોટીસ પાઠવી આ મામલામાં એટર્ની જનરલ કે.કે.વેણુગોપાલચની મદદ માંગી છે.બેન્ચે સરકારના નિર્ણયની ગંભીર નોધ લેતા જણાવ્યુ હતું કે સરકાર નાગરિકોના વોટ્સએપ મેસેજની ચકાસણી કરવા માંગે છે.આ રીતે સરકાર આખા દેશ પર જાસુસી કરવાની ઈચ્છા ધરાવે છે.અરજકર્તા મોઈત્રા વતી હાજર રહેલા સીનીયર એડવોકેટ એ.એમ.સિંઘવીએ કોર્ટને જણાવ્યુ હતું કે સરકારે આ પ્રસ્તાવ માટે નિવિદા બહાર પાડી છે.અને ૨૦મી ઓગષ્ટે આ નિવિદા ખોલાશે.સરકાર સોશિયલ મીડીયા હબની મદદથી સોશિયલ મીડીયાના કન્ટેન્ટને પોતાના નિયંત્રણમાં રાખવા માંગે છે.સિંઘવીએ કહ્યુ હતું કે સરકાર ટ્વિટર,ફેસબુક,ઈન્સ્ટાગ્રામ અને ઈમેલમાં નાગરિકોની માહીતીને ટ્રેક કરીને નિયંત્રણમાં લાવવા માંગે છે.

જવાબમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે સરકાર સોશ્યલ મીડીયા હબનું ટેન્ડર ૨૦ ઓગષ્ટે ખોલાય તે પહેલાં ૩ ઓગષ્ટના રોજ આ મામલાની વધુ સુનાવણી કરાશે. એટર્ની જનરલ અથવા અન્ય કોઈ કાયદા અધિકારી આ મામલામાં અદાલતને મદદ કરશે.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા સોશિયલ મીડીયા હબની રચનાનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે.તેના દ્વારા ડીજીટલ અને સોશ્યલ મીડીયા કન્ટેન્ટને એકત્ર કરાશે.અને સમીક્ષા કરવામાં આવશે.તાજેતરમાં આ પ્રોજેક્ટ માટે સોફ્ટવેર હાંસલ કરવા ટેન્ડર જારી કરાયું છે.ટેન્ડરમાં જણાવવામાં આવ્યુ છે કે સરકારને તમામ સોશ્યલ મીડીયા અને ડીજીટલ પ્લેટફોર્મ પરથી માહિતી એકત્ર કરી શકે તેવા ટેકનોલોજી પ્લેટફોર્મની જરુર છે.આ પ્રોજેકટ અંતગર્ત દરેક જિલ્લામાં પત્રકારોને કોન્ટ્રાકટ બેઝ પર નિયુક્ત કરાશે જે સરકારની આંખ અને કાન તરીકે ફરજ બજાવશે

# દગો કોઇનો સગો નથી

સ્વ સુપર સ્ટાર રાજેશ ખન્નાનો ડાયલોગ જગજાહેર છે ‘બાબુ મોસાઇ યે જીંદગી લંબી નહી બડી હોની ચાહિએ’જીંદગી જેમ જીવતા જઈએ તેમ તેમ અવનવા પ્રશ્નો સુતેલા હોય તે પણ જાગતા હોય છે.પ્રશ્નોની કોઈ સીમા હોતી નથી. આખી જીંદગી દરમિયાન પ્રશ્નોની વણઝાર ચાલ્યા કરતી હોય છે.જીંદગીમાં પ્રશ્નોનું સમાધાન કરી કરીને જીંદગી વીતતી જાય છે. અને આમ આખું આયખું પુરુ થઈ જતુ હોય છે.જીંદગીનો પ્રશ્નો જવાબ મળતાં વિલંબ થાય ત્યારેભારે કુતુહલ જાગે પરંતુ તેનો જવાબ મળે ત્યારે હૃદયમાં ભારે આનંદ વ્યાપી જાય.માત્ર જીંદગી જીવી ગયા કે લાંબુ જીવી ગયા તે કરતાં જીવન કેવં જીવ્યા તે બડી જીંદગી કહેવાય. જીંદગી જીવતા સારા નરસા અનુભવો થતા હોય છે.ક્યારેક સાચામાં પણ ખોટું સાબિત થતું હોય છે. જ્યારે આવું બને ત્યારે માનવી સહનશક્તિ ગુમાવી દે છે. સજ્જન વ્યક્તિ પોતે જાણતી હોય છે કે શું ખોટું અને શું સાચું. દગો કે છેતરપીડીં કરનાર વ્યક્તિને ખોટું કરવામાં જલસો પડતો હોય છે.તેવા વ્યક્તિઓને ઠઠ્ઠા -મશ્કરી કરવાનો ઢોલ રાત-દિન વગાડ્યા કરતા હોય છે. દુનિયા સાચું જીવન જીવતા હોય અને તેની સાથે ભારે અન્યાય થાય ત્યારે મને કવિ કરસનદાસ માણેક યાદ આવી જાય છે.કવિ કહે છે કે ‘ મને એજ સમજાતું નથી કે આવું શાને થાય છે, કુલડા ડુબી જતાં ને પથ્થરો તરી જાય છે. ‘

ગુજરાતીમાં કહેવાત છે કે ‘ચેતતા નર સદા સુખી’, પણ જીંદગીમાં ચેતવા જઈએ ત્યાંર સુધીમાં છેતરાઈ જવાય છે. જીંદગીને સોનાની જેમ સાચવીએ તો પણ આપણે છેતરપીડીંની સાંકળથી બંધાઈ જઈએ છીએ.ખુશામત લાંબા સમયે ટકતી નથી. મફતમાં વાહવાહ મળે તે લોકોને ગમતું હોય છે.સમય સમય બળવાન હોય છે. પોતાનો સુવર્ણ જેવો લાગતો સમય વીત્યા પછી જ સમજાય. માણસ પાસો પ્રતિષ્ઠા,ધન,સંપત્તિ,ગાડી,બંગલો હોય ત્યાં સુધી મિત્રોની કોઈ ખોટ હોતી નથી.રસરંગ પુર્તિમાં રાજેશ ખન્ના વિશે વાંચ્યું. રાજેશ ખન્નાની વાહવાહ કરનાર મોટો વર્ગ હતો. તેમની એક ઝલક જોવા માટે લોકો તલપાપડ બનતા. એક સાથે સળંગ આઠ ફિલ્મો સુપર હીટ આપી હતી.તેથી પ્રોડ્યુસરો ફિલ્મ સાઈન કરાવવા લાઈન લગાવી બોઠા ગતા.આઠ ફિલ્મો સુપર હીટ થઈ તેના કારણે રાજેશ ખન્ના સ્ટાર મટીને સુપર સ્ટાર બની ગયા હતા.તેમને લોકો એટલા બધા ચાહતા હતા કે લોહીથી પત્રો લખતા. જન્મ દિવસે ફુલોની એક ટ્રક ભરાતી. સમયે સમયે બધુ બદલાય તેમ રાજેશ ખન્નાના જીવનમાં પણ બન્યું. એક સમય એવો પણ આવ્યો ખે જન્મ દિને એક પણ ચાહક ફુલ લઈને આવ્યું નહીં. અને તે દિવસે રાજેશ ખન્ના ઘરમાં રાહ જોતા હતા કે કોઈક ફુલ લઈને આવશે જ. ઘરની સામે તેમની ઝલક જોવા મેદની ઉમટી પડતી તે ચાહકો પણ ગાયબ.આવી ઘટના જીંદગીમાં બને અને ત્યારબાદ કોઈ શાબાશી કે વાહવાહનો સમય આવે કે શાબાશી પાઠવે ત્યારે તે શાબાશી મીઠી નહીં પણ મોળી કે ખાટી લાગે.

માનવીને દગો દેતા વાર નતી લાગતી.માનવીની વાણી ક્ષણમાં બદલાઈ જતી હોય છે. અદાલતમાં સાક્ષીની બોલી બદલાઈ જતી હોય છે.શબ્દે-શબ્દે સચ્ચાઈ,શબ્દે શબ્દે જુઠ્ઠાણું જામી જતું હોય છે.ગમતી વ્યક્તિ જ વખત આવે ત્યારે પારકી બની જતી હોય છે.માનવીને પીઠ પાછળ બોલવાની પરંપરા વરસો જુની છે.તેમજ ડબલ ઢોલકી વગાડવાની

અનુ.પાન નં.૨ ઉપર


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# મધર ટેરેસાને અપાયેલ ભારત રત્ન પુરસ્કાર પાછો ખેચવા માટેની સંઘ પ્રચારકની માંગને ભાજપી સાંસદ સ્વામીનો ટેકો

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના દિલ્હી ખાતે પ્રચાર પ્રમુખ રાજીવ તુલીએ જણાવ્યુ હતું કે મધર ટેરેસાને તેમના સખાવતી કામોને માટે એનાયત થયેલો ભારત રત્નનો પુરસ્કાર પાછો લઈ લેવો જોઈએ.ઝારખંડ રાંચી સ્થિત મિશનરીઝ ઓફ ચેરીટી સંસ્થામાં બાળકોને વેચવાના રેકેટ અંગેના તાજેતરમાં પ્રસિધ્ધ થયેલા અહેવાલો જો સાચા હોય અને તે પુરવાર થાય તો મધર ટેરેસાને તેમના સખાવતી કામો માટે અપાયેલ ભારત રત્ન પુરસ્કાર પાછો ખેચી લેવો જોઈએ.

વેટિકન દ્વારા ગયા વર્ષે સંતની ઉપાધી પ્રાપ્ત કરનાર મધર ટેરેસાએ ક્યારેય લોકોના કલ્યાણ માટે કામ કર્યુ નહોતું તેમનો એક માત્ર એજન્ડા ધર્મપરિવર્તનનો હતો.ભાજપના વરિષ્ઠ નેતા સુબ્ર્મણ્યમ સ્વામીએ જણાવ્યુ હતું કે હું તુલીને ૧૦૦ ટકા સમર્થન આપું છું.મધર ટેરેસાના સેવાકાર્યો એક આંચળો હતો. જો તમારી પાસે મધર ટેરેસાના અપરાધોના આટલા બધા પ્રમાણ હોય તો શા માટે તેવી વ્યક્તિને નોબલ પુરસ્કાર આપવો જોઈએ.

જો કે મધર ટેરેસાએ કરેલા કામોની ચર્ચા કરવા કરતાં આ બે મહાનુભાવોએ તેમની લીટી મોટી કરવા માટે મધર ટેરેસાએ કરેલા કામો કરતાં વધુ મોટા સખાવતી કામો કરવા જોઈએ.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ જણાવ્યુ હતું કે મિશનરીઝ ઓફ ચેરીટીને બદનામ કરવા માટેના મલિન પ્રયાસ થઈ રહ્યા છે.મધર ટેરેસાએ મિશનરીઝ ઓફ ચેરીટીની સ્થાપના કરી હતી.હવે સંઘ અને ભાજપ તેમને બદનામ કરવાના મલિન પ્રયાસો પર ઉતરી આવ્યો છે.

# પાકિસ્તાનમાં પુર્વ વડાપ્રધાનની ધરપકડ, સામાન્ય ચુંટણીને અવરોધવા વિસ્ફોટોમાં ૧૩૦થી વધુના મોત અનેકો ઘાયલ

પાકિસ્તાનમાં એક સાથે બે આઘાતજનક ઘટનાઓ બની.ભ્રષ્ટાચારના આરોપોના કેસમાં સજા પામેલા પુર્વ વડાપ્રધાન નવાઝ શરીફના આગમન પહેલા દેશમાં બે શક્તિશાળી વિસ્ફોટો થતાં ૧૩૦થી વધુ લોકોના મોત નિપજ્યા હતા અને અનેકો ઘાયલ થયા હતા.સંસદીય ચુંટણીની બે અલગ અલગ રેલીઓમાં થયેલા પ્રચંડ વિસ્ફોટોમાં ટોચના એક રાષ્ટ્રવાદી નેતાનું પણ મોત થયું હતું.પાકિસ્તાનમાં ૨૫મી જુલાઈએ યોજાનાર ચુંટણીઓ ટાળવા માટે આંતકવાદીઓએ આ વિસ્ફોટો કર્યા હોવાનું મનાય છે.

ભ્રષ્ટાચારના મામલામાં જેલની સજાનો સામનો કરી રહેલા નવાઝ શરીફ અને તેમના પુત્રી મરિયમ સાથે લાહોર પહોચ્યા બાદ તેમની ધરપકડ કરી લેવામાં આવી હતી.તેઓ લંડનથી વાયા યુએઇ થઈને પાકિસ્તાન આવ્યા હતા.વિમાનથી બહાર આવ્યા બાદ તુરતજ તેમને કસ્ટડીમાં લઈ લેવાયા હતા.લંડનમાં ચાર લકઝરી ફ્લેટસની શરીફ પરિવારની માલિકી સાથે સંકળાયેલા ઈવનફિલ્ડ પ્રોપર્ટીઝ કેસમાં કોર્ટે બંન્નેને દોષિત ઠેરવ્વા હતા. આ કેસમાં શરીફને ૧૦ વર્ષની અને તેમની પુત્રી મરિયમને સાત વર્ષની જેલની સજા કરવામાં આવી હતી.ધરપકડ બાદ તેમને રાવલપીડી ખાતે આવેલી અદિયાલા જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.